**પ્રધાનમંત્રીને ઇથોપિયાનો સર્વોચ્ચ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો (16 ડિસેમ્બર, 2025)**

16 ડિસેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 16-17 ડિસેમ્બર 2025 દરમિયાન ઇથોપિયાની તેમની પ્રથમ દ્વિપક્ષીય યાત્રા કરી રહ્યા છે. આજે અદીસ ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત એક ખાસ સમારોહમાં, ઇથોપિયાના પ્રધાનમંત્રી, મહામહિમ ડૉ. અબીય અહેમદે ભારત-ઇથોપિયા ભાગીદારીને મજબૂત બનાવવામાં અસાધારણ યોગદાન અને વૈશ્વિક રાજનેતા તરીકે તેમના દૂરંદેશી નેતૃત્વ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ઇથોપિયાનો સર્વોચ્ચ પુરસ્કાર 'ઇથોપિયાનું સર્વોચ્ચ સન્માન નિશાન' એનાયત કરવામાં આવ્યો.

2. આ પ્રસંગે બોલતાં, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે વિશ્વની ખૂબજ પ્રાચીન સભ્યતાઓમાંની એક તરફથી પુરસ્કાર સ્વીકારવો એ તેમના માટે સન્માનની વાત છે. અને તેમણે નમ્રતા અને કૃતજ્ઞતાપૂર્વક દેશવાસીઓ તરફથી તેનો સ્વિકાર કર્યો. પ્રધાનમંત્રી મોદીએ આ સન્માન માટે પ્રધાનમંત્રી ડૉ. અબી અને ઇથોપિયાના લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે પ્રધાનમંત્રી ડૉ. અબીના નેતૃત્વ અને રાષ્ટ્રીય એકતા, ટકાઉપણું અને સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવા માટેના તેમના પ્રયાસોની પ્રશંસા વ્યક્ત કરી. રાષ્ટ્ર નિર્માણ માટે જ્ઞાનના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે ઇથોપિયાની પ્રગતિ અને વિકાસમાં યોગદાન આપવું એ એક સદી કરતાં વધુ સમયથી ભારતીય શિક્ષકો માટે એક સૌભાગ્યની વાત છે.

3.પ્રધાનમંત્રી મોદીએ આ પુરસ્કાર તે બધા –ભારતીયો અને ઇથોપિયનોને સમર્પિત કર્યો - જેમણે યુગોથી દ્વિપક્ષીય સંબંધોને પોષ્યા છે અને આ સન્માનથી સન્માનિત થવા બદલ 1.4 અબજ ભારતીયો વતી હૃદયપૂર્વક આભાર માન્યો. આ પુરસ્કાર ભારત અને ઇથોપિયા વચ્ચેની ગાઢ ભાગીદારીમાં અને ગ્લોબલ સાઉથના સકારાત્મક એજન્ડાને આગળ વધારવામાં એક સીમાચિહ્નરૂપ છે. પ્રધાનમંત્રીની સંપૂર્ણ ટિપ્પણીઓ અહીં જોઇ શકાય છે. [લિંક]

અદીસ અબાબા

16 ડિસેમ્બર, 2025